Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**સમય મર્યાદા :**

## : પરિપત્ર :

**વિષય : નવી કોલેજો શરૂ કરવા માટે અથવા નવી કે ચાલુ કોલેજો દ્વારા શરૂ કરવામાં આવનાર નવા અભ્યાસક્રમો, શરૂ કરેલા ચાલુ અભ્યાસક્રમોમાં ક્રમિક વધારા માટે અને ચાલુ જોડાણો મેળવવા બાબતમાં જોડાણ અરજી મોકલવા બાબત...**

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓને યુનિવર્સિટીના ઓર્ડિનન્સ–૬૬ પ્રતિ ધ્યાન દોરી સવિનય જણાવવાનું કે, જૂન –૨૦૧૯થી નવી કોલેજો શરૂ કરવા માટે અથવા નવી કે ચાલુ કોલેજો દ્વારા શરૂ કરવામાં આવનાર નવા અભ્યાસક્રમો, શરૂ કરેલા ચાલુ અભ્યાસક્રમોમાં ક્રમિક વધારા માટે અને ચાલુ જોડાણો તથા એકીકરણ, એડિશનલ ડિવિઝન / કોર્ષ / સબ્જેક્ટ માટેનું જોડાણ મેળવવા ઈચ્છતા હોય તો જોડાણ મેળવવા માટે **યુનિવર્સિટીએ નક્કી કરેલ રૂપિયા ૨૫૦૦/– (પચ્ચીસ સો પુરા)ની કિંમતનું અરજીપત્રક યુનિવર્સિટી કાર્યાલયનાં હિસાબી વિભાગમાંથી મેળવી,** સદરહુ ઓર્ડિનન્સની સંબંધકર્તા પેટા–કલમ અનુસાર **અરજી ફીની રકમ સાથે જોડાણઅરજી સાત નકલમાં ૩૦મી, સપ્ટેમ્બર–૨૦૧૮ સુધીમાં** યુનિવર્સિટીને મળે તે રીતે મોકલવી. ત્યાર બાદ, લેઈટ ફી સાથે અરજી સ્વીકારવા માટે નીચે મુજબ જોગવાઈ છે.

૧૫મી ઓકટોબર સુધીમાં (તા. ૦૧–૧૦–૨૦૧૮ થી તા. ૧૫–૧૦–૨૦૧૮ સુધી) રૂા. ૩૬,૦૦૦/– લેઈટ ફી

૩૦મી ઓકટોબર સુધીમાં (તા. ૧૬–૧૦–૨૦૧૮ થી તા. ૩૦–૧૦–૨૦૧૮ સુધી) રૂા. ૭૨,૦૦૦/– લેઈટ ફી

૧૫ મી નવેમ્બર સુધીમાં (તા. ૩૧–૧૦–૨૦૧૮ થી તા. ૧૫–૧૧–૨૦૧૮ સુધી) રૂા. ૧,૪૪,૦૦૦/– લેઈટ ફી

નિયત તારીખ બાદ આવેલી તથા અધુરી વિગત/ માહિતીવાળી જોડાણઅરજી સ્વીકારવામાં આવશે નહીં અને જોડાણ મેળવવા માંગતા નથી તેમ સમજીને રાજય સરકારશ્રીને ભલામણ કરી પ્રવેશો અટકાવવામાં આવશે, જેની નોંધ લેવી.

**(નોંધ : (૧)** શૈક્ષણિક વર્ષ ૨૦૧૯–૨૦ માટે નવી કોલેજ / અભ્યાસક્રમ શરૂ કરવા માટે જોડાણઅરજી કરવામાં આવે, ત્યારે યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને સંચાલક મંડળના પ્રતિનિધિના સંયુકત નામે રૂા.૧૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ લાખ પૂરા) છ વર્ષ (૭૨ માસ) માટે ફિક્સ ડિપોઝિટની મૂળ રસીદ અને " નમૂનો – ક " મુજબ રૂા.૫૦–૦૦ (અંકે રૂપિયા પચાસ પુરાના સ્ટેમ્પ પેપર પર) " ડીડ ઓફ ડીકલેરેશન યાને એકરારનામું " મૂળ અત્રે જોડાણ અરજી સાથે મોકલી આપવાનું રહેશે. જેથી સરકારશ્રીમાં શરૂ થનાર અભ્યાસક્રમ અંગેની સૈધ્ધાંતિક પૂર્વ મંજૂરી માટે દરખાસ્ત મોકલી શકાય. **(૨)** યુજીસીની ગાઈડલાઈન મુજબ **3.1.1.undisputed ownership and possession of land measuring not less than 2 acres if it is located in metropolitan cities, and 5 acres if it is located in other areas;** જોગવાઈ છે. UGC ની સદર જોગવાઈ પૂરી થતી હશે તો જ અરજી સંદર્ભે આગળની કાર્યવાહી કરવામાં આવશે નહીં તો સદર અરજી દફતરે કરવામાં આવશે. સદર શરતો પૂર્તતા કરી શકે તેવી સંસ્થાઓએ જ જોડાણ અરજી કરવી. )

(નોંધ : જોડાણ અરજી માટેનું અરજી ફોર્મ યુનિવર્સિટી વેબ સાઈટ www.vnsgu.ac.in પરથી ડાઉનલોડ કરી શકાશે.)

ક્રમાંક: એસ–એ(જોડાણઅરજી)(૧૮)/૧૫૨૧૬
તા.૪–૦૮–૨૦૧૮

ઈ.ચા. કુલસચિવ

પ્રતિ,
યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ ........ તરફ જાણ તથા જરૂરી અમલ થવા સારૂ.

E:\SYN-AFFILIATION\PARIPATRA\PARIPTRA1.doc

Scanned by CamScanner

Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

**R. P. A. D.**

## : પ રિ પ ત્ર :

યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓ/ઈનચાર્જ આચાર્યશ્રીઓને આથી જણાવવાનું કે, યુનિવર્સિટીના ઓર્ડિનન્સ–૬૬ (૨)(બી) માં જણાવ્યા મુજબ સને : ૨૦૧૮–૧૯ ના શૈક્ષણિક વર્ષ માટે ચાલુ જોડાણ ધરાવતી દરેક સંસ્થાએ એફીલીયેશન ફી ૩૦ ઓગસ્ટ,૨૦૧૮ સુધીમાં તેમજ નવું જોડાણ મેળવતી દરેક સંસ્થાએ તેમની સંસ્થામાં વર્ગ શરૂ થયાના મોડામાં મોડા ૨૫ દિવસમાં ભરવાની રહેશે. ત્યારબાદ એફીલીયેશન ફી ભરનાર સંસ્થાએ રોજના રૂ.૧૦૦૦/– લેખે દંડ સાથે એફીલીયેશન ફી ભરવાની રહેશે. ૩૦મી ઓકટોબર, ૨૦૧૮ સુધી એફીલીયેશન ફી ન ભરનાર સંસ્થાનું જોડાણ રદ થવાને પાત્ર છે. એફીલીયેશન ફી અભ્યાસક્રમ મુજબ નીચેના ફોર્મેટમાં વિગતવાર માહિતી સાથે મોકલી આપવા વિંનંતી છે.

| શૈક્ષણિક વર્ષ : ૨૦૧૬–૨૦૧૭ અંગેની માહિતી | | | |
|---|---|---|---|
| અભ્યાસક્રમનું નામ | વિદ્યાર્થીની સંખ્યા ડિવિઝન/ ક્લાસ દીઠ | વાર્ષિક એફીટલીયેશન ફીની રકમ વિદ્યાર્થી દીઠ (રૂપિયામાં) | કુલ ભરેલ એફીલીયેશન ફીની રકમની પાવતી નંબર/ચેક નંબર/ડીડીનંબર તથા તારીખ |

| શૈક્ષણિક વર્ષ : ૨૦૧૭–૨૦૧૮ (ગત્ વર્ષ) અંગેની માહિતી | | | |
|---|---|---|---|
| અભ્યાસક્રમનું નામ | વિદ્યાર્થીની સંખ્યા ડિવિઝન/ ક્લાસ દીઠ | વાર્ષિક એફીલીયેશન ફીની રકમ વિદ્યાર્થી દીઠ (રૂપિયામાં) | કુલ ભરેલ એફીલીયેશન ફીની રકમની પાવતી નંબર/ચેક નંબર/ડીડીનંબર તથા તારીખ |

| શૈક્ષણિક વર્ષ : ૨૦૧૮–૨૦૧૯ (ચાલુ વર્ષ) અંગેની માહિતી | | | |
|---|---|---|---|
| અભ્યાસક્રમનું નામ | વિદ્યાર્થીની સંખ્યાઠ ડિવિઝન/ ક્લાસ દીઠ | વાર્ષિક એફીલીયેશન ફીની રકમ વિદ્યાર્થી દીઠ (રૂપિયામાં) | કુલ ભરેલ એફીલીયેશન ફીની રકમની પાવતી નંબર/ચેક નંબર/ડીડીનંબર તથા તારીખ |

| |
|---|
| અન્ય માહિતી (સંસ્થાએ આપવી હોય તો): |

**(નોંધ : ઉપરોકત ફોર્મેટમાં જ એફિલીયેશન ફી રૂબરૂમાં યુનિવર્સિટી કાર્યાલયના સેનેટ/સિન્ડિકેટ વિભાગમાં જમા કરાવવાની રહેશે અન્યથા માહિતી સ્વીકારવામાં આવશે નહીં.)**

**ઈ.ચા. કુલસચિવ**

ક્રમાંક: એસ–એ (એફી.ફી)(૧૮)/ ૧૩૯૩૭
તા.૨૧–૦૭–૨૦૧૮
પ્રતિ,
સ્વનિર્ભર અભ્યાસક્રમ ચલાવતી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ / ઈનચાર્જ આચાર્યશ્રીઓ તરફ.........જરૂરી અમલ થવા સારૂં.

E:\SYN-AFFILIATION\PARIPATRA\PARIPTRA1.doc

Scanned by CamScanner